નિઝામી વાંચનમાળા નંબર ૭.

ઇદના દરબાર.

છપાવી પ્રગટ કરનાર

નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશી.
માલેક-નિઝામીયા બુક ડેપો.
પાંચપટી—અમદાવાદ.

આવૃત્તી પહેલી. પ્રત ૧૦૦૦

ઓક્ટોબર ૧૯૧૪ જીલકાદ ૧૩૩

કીમત બે આના

આ પુસ્તક પાંચપટી અમદાવાદમાં આવેલા શ્રી નિઝામીયા પ્રી. વર્કસમાં
શ્રી નિઝામુદ્દીન અમીરૂદ્દીન કુરેશીએ છાપ્યું.

બે બોલ

“ઇદના દરબાર” નામનો લેખ મારા તરફથી ઇદના પ્રસંગે કેટલાક વર્તમાન પત્રોમાં પ્રગટ કરવામાં આવ્યો હતો જે ધારવા કરતાં વધુ પસંદગી પામેલો હોવાથી કેટલાક ગ્રહસ્થોના આગ્રહથી નિઝામી વાચન માળાના સાતમા નંબર તરીકે પ્રગટ કરૂં છું કે જેથી તે પુસ્તકના રૂપે જળવાઇ રહેવા પામે.

આશા છે કે તે વાચકોને પ્રથમની પેઠે આનંદ આપશે.

નિઝામુદ્દીન કુરેશી.

ઇદના દરબાર.

આરાયા ગુલગુલે મસ્તના કે ઇદસ્ત બહાર
જલવએ સાગિરો પયમાના કે ઇદસ્ત બહાર
દસ્ત અઝ દસ્તે તરબ અઝ ગમે દુનિયા અફશાં
સાઝકુન મેહફિલે શાહાના કે ઇદસ્ત બહાર.

દુનીઆમાં જેટલી આગેવાન પ્રજાઓ ગુજરી છે અથવા હસ્તી ધરાવે છે તે બધી પ્રજાઓએ ખુશાલી જાહેર કરવાના ખાસ દીવસો મુકરર કરેલા છે. જેમકે પારસી ભાઇઓ પતેતીને તહેવાર તરીકે પાળે છે, હિંદુઓ વસંતપંચમી અને હોળીના દહાડાઓમાં વસન્ત રૂતુની ખુશી જાહેર કરે છે, ખ્રિસ્તીઓ તા. ૨૫મી ડીસેમ્બરને મુબારક

દીવસ ગણી એક અઠવાડીઆ સુધી સેલ સપાટા કરી નાતાલના તહેવારની મજાહ ભોગવે છે. એવીજ રીતે અમો મુસલમાનો માટે પણ અમારા મહાન પયગમ્બર હઝરત મોહમ્મદ (સલ૦) એ સઉથી વધુ ખુશાલી જાહેર કરવાનો "ઇદુલ ફીતર" નો દીવસ મુકરર કરેલો છે, અને તેજ હુકમ અનુસાર અમો મુસલમાનો "ઇદુલ ફિતર" ના દીવસને મુબારક ગણી તહેવાર તરીકે પાળી આનંદ મેળવીએ છીએ.

"ઇદુલ ફિતર" ના મુબારક દીવસ માટે હદીસોના પુસ્તકો બુખારી અને મુસલીમમાં હઝરત આયશા સિદ્દીકા રદી૦ થી રીવાયત છે કે હઝરત મોહમ્મદ (સ૦) એ હઝરત અબાબકર સિદ્દીક રદી૦ ને ફરમાવ્યું છે કે "અય અબીબકર ! દરેક પ્રજાની ઇદ હોય છે, અને આ ઇદ અમારી છે." વળી બીજી જગ્યાએ હઝરત આયેશા સિદ્દીકાથી રીવાયત છે કે ઇદના દીવસે હઝરત મોહમદ (સલ૦) લુગડુ ઓઢીને સુતા હતા અને અનસારની બે નાની છોકરીઓ દફ વગાડીને બહાદુરીના ગીત ગાઇ રહી હતી, એટલામાં હઝરત અબુબકર સીદ્દીક રદી૦ આવ્યા, અને હઝરત (સલ૦) ની સેવામાં બે છોકરીઓને ગાતાં જોઇ તેઓને પોતાનું ગાણું બંધ કરવા માટે કહ્યું. એટલે તરતજ હઝરત મોહમ્મદ (સલ૦) એ પોતાના ચહેરા ઉપરથી લુગડું ખસેડીને ફરમાવ્યુ કે "ઇદના દીવસે આવા ગીતો માટે કાંઇ હરકત નથી."

જ્યાં સુધી મુસલમાનોની કીસમતનો સેતારો પુર બહારમાં ચમકી રહયો હતો, ત્યાં સુધી ઇદનો તહેવાર મોટી શાનો શૌકત

અને ધામધુમની સાથે પાળવામાં આવતો હતો પાદશાહથી લઇને ફકીર સુધી દરેક ઇસલામી પોત પોતાના ગજા પ્રમાણે ઇદનો પવિત્ર તહેવાર ઉજવવામાં ભાગ લેતો હતો જેવી રીતે પાદશાહ ઇદના દરબારો ભરી ઇનામ અકરામ આપી ખજાના ખાલી કરતો હતો તેવી રીતે એક ગરીબ માણસ પોતાના ગજા પ્રમાણે ઘરબારને શણગારી પોતાના મિત્રમંડળમાં આનંદથી મિત્રોની સાથે મીજબાની કરતો હતો. બે ત્રણ દીવસ સુધી એક બીજાને ત્યાં મળવા જતા અને જલસાઓ કરી તથા સેલ સપાટા કરી આનંદ મેળવતા હતા. ઇદગાહ માં નમાઝીઓ એટલી મોટી સંખ્યામાં હાજરી આપતા હતા કે તલમાત્ર પણ જગ્યા રહેતી નહોતી. જો કે આમાંની કેટલીક બાબતો ચાલુ સમયમાં પણ હસ્તી ધરાવે છે, છતાં આગળના સમયમાં જે કાંઇ થતું હતું તે સાફ દીલથી થતું હતું અને હાલમાં બનાવટનો ભાગ વધી પડયો છે.

પ્રખ્યાત ઇસલામી મુસાફર ઇબ્ને બતુતા, જે ઇ. સ. ૭૨૫ ની સાલમાં સુલતાન મોહમ્મદ તઘલખના રાજ્ય અમલ દરમ્યાન હિંદની મુસાફરીએ આવ્યો હતો, તેણે પોતાની મુસાફરીના પુસ્તકમાં ઇદની નમાઝ અને દરબારની સંપુરણ વીગત લખી છે, જે વાંચવાથી તે સમયની ઇદની જાહો જલાલી અને શાનો શૌકતનું ભાન થઇ શકે છે તે ઇદના સંબંધમાં એક જગ્યાએ લખે છે કે "ચાંદરાતના દીવસે પાદશાહ પોતાના તરફથી અમીરો, મુસાહિબો, મુસાફિરો, મુસદ્દીઓ, હાજીઓ ચોબદારો, અમલદારો, ગુલામો અને અખબાર નવીસોને તેમના દરજ્જાના પ્રમાણમાં એક એક ખિલઅત (પોષાક) મોકલે છે.

જ્યારે પરોઢીયું થાય છે ત્યારે હાથીઓને સોનેરી અને રત્નજડિત ઝુલોથી શણગારવામાં આવે છે, તેમાં એકસો હાથીઓ ખાસ પાદશાહના સવારીના હોય છે. તે સઘળાઓ ઉપર રેશમથી વણેલું અને રત્નજડિત છત્ર મુકવામાં આવે છે. દરેક છત્રનો દંડો તદન સોનાનો હોય છે. દરેક હાથી ઉપર રત્નજડિત રેશમી ગાદી વાપરવામાં આવે છે. એક હાથી ઉપર પાદશાહ સવાર થાય છે અને તેની આગળ રત્ન જડિત ઝીનપોશ એક નીશાન ઉપર પરચમની પેઠે લઇ જવામાં આવે છે. હાથીની આગળ ગુલામ અને પાયદળ ચાલે છે. તેના દરેકના માથા ઉપર સાચી ટોપી અને કમરમાં સોનેરી પટા હોય છે. તેમાં કેટલાક પટા રત્નજડિત હોય છે. સદરે જહાં કાઝીઉલકઝઝાત કમાલુદદીન ગઝની અને સદરેનરશી, એરાકી, શામી મગરેબી, વીગેરે હાથીઓ ઉપર સવાર થાય છે. બાગી લોકો હાથીઓ ઉપર બેસી તકબીર પોકારતા જાય છે. આવી જાહોજલાલીથી પાદશાહ શાહી મેહેલના દરવાજાથી બાહાર નીકળે છે, જ્યાં બધુ લશકર શાહની વાટ જોઇને ઉભેલું હોય છે. દરેક અમીર ઉમરાવ પોતાના લશકર તથા નોબત 'નીશાનની સાથે જુદી જુદી ટુકડીઓમાં વહેંચાયલા ઉભા હોય છે સરવેથી આગળ પાદશાહની સવારી પોતાના દોર દમામની સાથે આગળ વધે છે તેની પાછળ વાજાવાળા અને શાહી ખીદમતગાર, અને તેઓની પાછળ પાદશાહના ભાઇ મુબારકખાન અને ભત્રિજા બેહરામખાન પીત્રાઇ મલેક ફીરોઝની સવારીઓ પોત પોતાના રસાલાની સાથે ચાલે છે. તેમની પાછળ વઝીર પછી મલેક મજીદ ઝી આરઝીઆ, મલેક કબુલા, મલેક નુકબા, મલેક અગરા, મલેક મુખલિસ કુતબુલ મુલ્ક, પોત પોતાના લશકર અને નોબત નીશાનની

સાથે હોય છે. તેમની પાછળ નાના નાના અમીર અને સરદારો જાય છે. જ્યારે પાદશાહ ઇદગાહના દરવાજા આગળ પહોંચે છે ત્યારે પોતે દરવાજા આગળ ઉભા રહી પહેલા કાઝી, બાંગી, અને મોટા મોટા અમીર તથા પ્રદેશીઓને ઇદગાહમાં જવાનો હુકમ આપે છે અને તેમના જવા પછી પોતે પાદશાહ ઇદગાહમાં પગ મુકે છે એટલે ઇમામ નમાઝ શરૂ કરે છે અને નમાઝ પછી ખુત્બો ભણે છે ખુત્બો ખતમ થતાં પાદશાહ મહેલ તરફ પાછા ફરે છે.

ઇદના દીવસે અગાઉ દીવાને ખાસમાં ફરશ પાથરીને તેને જુદી જુદી રીતે શણગારવામાં આવે છે. વળી દીવાને ખાસના ચોકમા બારગાહ ઉભો કરવામાં આવે છે જે એક બહુ મોટો તંબુ છે, તેને મોટા થાંભલાઓ ઉપર ઉભો કરવામાં આવે છે તેની ચારે બાજુએ બીજા અનેક તંબુઓ નાંખવામાં આવે છે અને રેશમના ઝાડ જેમાં નાના મોટા રેશમી ફુલો લાગેલા હોય છે તે લગાડવામાં આવે છે દીવાનખાનામાં આવા ઝાડોની ત્રણ લાઇનો બનાવવામાં આવે છે બે બે ઝાડોની વચ્ચે એક એક સોનાની ચોકી મુકે છે. જેના ઉપર ગાદીઓ તથા રૂમાલો પાથરે છે અને દીવાન ખાનાની વચોવચ તદન સોનાનું તખ્ત મુકવામાં આવે છે જેની લંબાઇ ૩૨ વેંત અને પહોળાઇ ૧૦ વેંતની છે, તેમાં ઝવેરાત જડેલાં છે. તખ્ત ઉપર ખુરસી અને છત્ર મુકવામાં આવે છે જ્યારે પાદશાહ તખ્ત ઉપર આવીને બીરાજે છે, ત્યારે ચોબદાર તથા દરવાન મોટા સાદે 'બિસમિલ્લાહ' બોલે છે ફરી એક એક માણસ સલામને માટે આગળ વધે છે, સઉથી પહેલાં કાઝી, ખતીબ, આલેમ, સઇયદ, અને મશાયખીન

તથા પાદશાહના ભાઈ ભાંડુ, આગળ વધે છે. તેમના પછી પ્રદેશી, ફરી વજીર, ફરી લશકરના વડા અમલદારો અને સરદારો તથા તેમની પાછળ ગુલામો આગળ વધી પાદશાહને સલામ કરીને પાછા આવી પોત પોતાની બેઠક ઉપર બેસે છે, ને બાદ જે લોકોને જાગીરમાં ગામ મળેલા છે તેઓ કેટલીક સોના મહોરો રૂમાલમાં બાંધીને લાવે છે, અને ત્યાં એજ કામ માટે મુકેલા થાળોમાં સોના મોહરોનું પોટલું નાખે છે. પોટલા ઉપર નજરાણું કરનારનું નામ લખેલું હોય છે. આ સોના મોહરોમાંથી પાદશાહ જેને ચાહે છે તેને ઇનામ આપે છે. જ્યારે સલામીની ક્રિયા પુરી થાય છે, ત્યારે બધાને ખાણું ખવરાવવામાં આવે છે. ઇદના દીવસે મોટી સગડી પણ બહાર કહાડવામાં આવે છે જે બુરજના ઘાટની અને તદન સોનાની બનેલી છે. તે બહુ મોટી હોવાથી તેને જુદા જુદા કટકામાં અંદર મુકી દે છે અને જ્યારે બહાર કાઢે છે ત્યારે તેના બધા કટકા જોડી લે છે. તેમાં ત્રણ ખાના છે, જેમાં ફરરાશ દાખલ થઇને ચંદન અમ્બર વીગેરે સુગંધી વસ્તુઓ બાળે છે. જેની સુગંધથી આખુ દીવાનખાનું મેહકી ઉઠે છે. ગુલામોના હાથમાં સોના રૂપાની ગુલાબપાશો હોય છે, જે વડે તેઓ બધા હાજર રહેલા ઉપર ગુલાબ તથા બીજા ફુલોનું પાણી છાંટે છે. વચમાં મુકેલું તદન સોનાનું તખ્ત અને સોનાની સગડી માત્ર ઇદના દીવસે બહાર કાઢવામાં આવે છે. ઇદના બીજા દીવસે દરબારમાં પાદશાહ બીજા તખ્ત ઉપર બેસે છે તે પણ સોનેરી છે. આ દરબાર બારગાહમાં સાંજના સમયે ભરવામાં આવે છે, ઇદના ત્રીજા દીવસે પાદશાહના સગા વહાલાના નીકાહ થાય છે અને તેઓને જાગીરો આપવામાં આવે છે. ચોથા દીવસે

ગુલામો આઝાદ (છુટા) કરવામાં આવે છે. પાંચમા દીવસે લોંડીઓ આઝાદી મેળવે છે. છઠા દીવસે ગુલામો અને લોંડીઓ વચ્ચે નીકાહ થાય છે અને સાતમે દીવસે ધરમદાન દઇને ઇદનો દરબાર પુરો થાય છે."

ઇદના દરબારમાં જે જે ધામધુમો કરવામાં આવતી હતી તેની કેટલીક હકીકત તો ઇબ્ને બતુતાએ લખી છે પણ તે સીવાય અનેક પ્રકારે ઇદની ખુશી મનાવવામાં આવતી હતી મોટા મોટા જલસાઓ ભરવામાં આવતા હતા અને આલેમો, ફાઝેલો તથા નામચીન મશાયખોના મેલાવડા થતા હતા. પ્રખ્યાત શાએરોના કસીદા સાંભળી તેમને ઇનામ ઇકિરામથી નવાજવામાં આવતા હતા પ્રખ્યાત કવી બદર ચાચે પણ આવા જશનોની પ્રસંશામાં અનેક કસીદાઓ લખેલા છે.

મુગલ વંશના શહેનશાહોમાં અકબર અને જહાંગીર, ઇરાની શહેનશાહોનું અનુકરણ કરી નવરોઝ ઉપર બહુ મોટી ધામધુમથી જશન કરતા હતા. જેની શાનોશવકતની પુર્ણ હકીકત તે સમયના ઇતિહાસો પુરી પાડે છે. આ વાર્ષીક જશનો પછી વરસગાંઠના જશનો કરવામાં આવતા હતા. જે શમ્સી અને કમરી હીશાબથી વરસમાં બે વખત ભરવામાં આવતા હતા. ઇદ વીગેરેના દરબાર સાધારણ રીતે પસાર થતા હતા. શાહજહાં પાદશાહે તખ્ત ઉપર બેસીને આ જશનોને આગળ પ્રમાણે કાયમ રાખ્યા, પણ મુસવીખાન સદ્રને હુકમ આપ્યો કે મુબારક રમઝાન માસમાં રાતની વેળાએ તરાવીહ પુર્ણ થયા બાદ ગરીબ ગુરબાને પાદશાહ સલામતની હજુરમાં પેશ

કરે. આ હુકમ અનુસાર ગુજરાતની મદદ તથા યોમીયાના નામની મદદ ઉપરાંત દરરોજ એક હજાર રૂપીઆ ગરીબ ગુરબામાં વહેંચવામાં આવ્યા અને આવી રીતે દર વરસે રમઝાન માસમાં ત્રીસ હજાર રૂપીઆ વહેંચવાનો આયંદાના માટે હુકમ આપવામાં આવ્યો.

હીજરી સને ૧૦૩૭ ની સાલમાં રવીવારની રાત્રે ઇદનો ચાંદ દેખાયો કે તરતજ આનંદ જાહેર કરનારી નોબત વાગી તોપખાનામાંથી સલામી સર કરવામાં આવી અમીર ઉમરાવો તથા વઝીરો મુબારકબાદી આપવા માટે હાજર થયા. ઇદની સવારે શાહઝાદાઓ અને અમીર ઉમરાવો પોતપોતાના લશકરોની જાહોજલાલી સાથે કીલ્લાની પાસે ભેગા થયા પાદશાહ સલામત એક સુંદર સામાનથી શણગારેલા ઘોડા ઉપર સવાર થઇ ભારે શાનો શવકતથી બાહર આવ્યા. તોપખાનાએ સલામી આપી. અમીર ઉમરાવોએ મુબારકબાદી આપવાની સાથે અદબથી નમન કરયું તે બાદ બા કાયદા સવારી ગોઠવવામાં આવી. અને ઇદગાહ તરફ સવારી ચાલી. ઇદગાહમાં પહોંચીને પાદશાહ સલામતે નમાઝ અદા કરી અને બાંગી, ખતીબ, આલેમો ફાઝેલો તથા પરહેઝગારોને ઇનામ ઇકરામથી સરફરાઝ ક્રર્યા નમાઝ પૂરી થતાં તોપની સલામી સર કરવામાં આવી. તે બાદ પાદશાહે ધ્યાન પુરવક ખુતબો સાંભલ્યો. અને જેવા દોરદમામની સાથે ઇદગાહમાં આવ્યા હતા તેવાજ દોરદમામની સાથે કિલ્લામાં પાછા ફર્યા, આવતી જતી વખતે આખા રસ્તે પઇસા, રૂપીયા તથા સોના મોહરો નીછાવર થતી હતી આવી રીતે નાણા લુંટાવવાથી હજારો ગરીબો ધનવાન થઇ ગયા. બીજે દીવસે મોટી ધામધુમની સાથે દરબાર

ભરવામાં આવ્યો અને તેમાં અમીર-ઉમરાવોને ઉચી પદવીએ અદાવવામાં આવ્યા અને આલેમો ફાઝેલોને ઇનામ ઇકરામથી નવાજવામાં આવ્યા. શહેનશાહ શાહજહાંના રાજ્ય અમલ દરમીયાન દર વરસે આવીજ રીતે ઇદના દરબારો થતા હતા.

શહેનશાહ આલમગીર અવરંઝેબે તખ્ત ઉપર બેસીને નવરોઝનુ જશન બંધ કરી દીધુ અને તેના બદલામા તેમના રાજ્યનુ અજીબો ગરીબ નીશાત અફરોઝ નામનુ જશન ચાલુ કર્યું. જે વરસગાંઠ અને રાજ્યભિષેકની તારીખો અનુસાર તા. ૨૪ મી રમઝાનથી શરૂ થઇને ઇદના જશનના સબબે તા. ૩ જી શવ્વાલના દીવસે પુરૂં થતું હતું. જેવી રીતે શાહજહાં પાદશાહના વખતમા ઇદની સવારી નીકળતી હતી તેવીજ રીતે કેરફ્માનની સાથે અવરંગઝેબ પણ ઇદગાહમાં જઇને નમાઝ અદા કરતા હતા. રાજ્યભિષેકના ચોથા વરસમાં આ મેળમેળ જશનો બંધ કરીને માત્ર ઇદનુંજ જશન કરવાનુ નક્કી કર્યુ, જે તા. ૧ મી શવ્વાલથી તા. ૧૦ મી શવ્વાલે પુરણ થતું હતું. મિરાતે આલમના કરતાએ આ જશનોની સંપુરણ હકીકત લખી છે જેથી જણાય છે કે દીવાને ખાસ સારી પેઠે શણગારવામાં આવતા હતા અને ઉંચામાં ઉચ્ચુ દારૂ ખાનુ ફોડવામાં આવતું હતું તથા રાજ્યના અમીર ઉમરાવો, વઝીરો સરદારો, ઉપરાંત હઝારો ગરીબોને ઇનામ ઇકરામ આપી માલામાલ કરી દેવામાં આવતા હતા. તે વખતે હિંદમાં આવેલા ફરેંચ મુસાફર ડા. બરનીયરે દરબારની શોભા અને જશનોની પુરે પુરી હકીકત લખી છે. જે અત્રે લંબાણ થઇ જવાથી લખવાનુ માંડી વાળ્યું છે.

આલમગીર પાદશાહના વારસો પોત પોતાની સ્થિતિ પ્રમાણે ધામધુમની સાથે આવા દરબારો ચાલુ રાખતા હતા, અને તેઓનું અનુકરણ માત્ર મુસલમાન રાજ્ય કર્તાઓએજ નહી, પણ હિંદુ રાજકર્તાઓએ પણ કરયું અને ઇદના દીવસે લાવ લશકરની સાથે ઇદગાહમાં જતા અને દરબારો ભરી આનંદ જાહેર કરતા હતા, તે પ્રમાણે હાલમાં પણ કેટલાક હિંદુ રાજયોમાં ઇદની સવારી ચઢાવવા તથા દરબારો ભરવાનો રીવાજ પ્રચલિત છે ઇસલામી રાજ્યો હયદરાબાદ રામપુર, ભોપાલ, જાવરા, ટોંક વીગેરેમાં ઇદના પ્રસંગે સવારીઓ ચઢાવવામાં તથા દરબારો ભરવામાં આવે છે. જે જોવાથી આગલા શહેનશાહોના સમયની ધામધુમનો સહેજ ખ્યાલ થાય છે.

સમાપ્ત.

નિઝામી વાંચન માળા.

હાલમાં અમોએ રોયલ સોલ પેજી સાઇઝમાં **નિઝામી વાંચન માળાના** નામથી જુદા જુદા વિષયો ઉપર નાના નાના પુસ્તકો બહાર પાડવાનો સાહસ ઉપાડયો છે જેમાં નૈતીક ધાર્મીક સંસારીક ઇતિહાસીક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દર મહીને એવા પાંચ દસ પુસ્તકો વાચકોની સેવામાં રજુ કરવાનો ઇરાદો છે, હાલ તરત અજમાશની ખાતર થોડાક પુસ્તકો પ્રગટ કર્યાં છે. અગર તે અમારા વાચકોને પસંદ પડશે અને તેમની તરફથી અમને ઉત્તેજન મળશે તો અમે આ કામને ભવિષ્યમાં સારા પાયા ઉપર પહોંચાડવાનો ઇરાદો રાખીએ છીએ. હાલ તરત નીચેના પુસ્તકો બહાર પાડવામાં આવ્યા છે. આ પુસ્તકોમાંના કેટલાક પુસ્તકો એવા છે કે જો તેને છુટથી વિધાર્થીઓમાં મફત વ્હેંચવામાં આવે તો બહુજ લાભ થવાની આશા છે.

૧ મઝહબી નોંધપોથી—આ નાનકડા પુસ્તકમાં હઝરત ખ્વાજા હસન નિઝામી સાહેબે એક મુસલમાનને જે જે મઝહબી વાતોની જરૂર પડે છે તે બધી વાતોને ખુલાસા વાર લખી છે. જેમકે અકાયદ, આઅમાલ, આઅમાલની વીગત, ઇસ્લામી અખલાક, શરીઅત અને તરીકત, અરબાબે તરીકતના સિલસિલા સિલસિલાઓની રચના, લિબાસ વિગેરે. આ નાનકડા પુસ્તકનું ઉર્દુ ભાષામાંથી મી. કુરેશીએ સરળ અને સ્હેલી ગુજરાતી ભાષામાં

તરજુમો કર્યો છે અગર આ પુસ્તક વકફ કરીને ઇસલામી બાળકોમાં વ્હેંચવામાં આવે તો વ્હેંચનારને મોટો સવાબ મળી શકે છે કીમત ફકત એક આનો વકફ કરનારને એકસો કોપીની કીમત રૂપીઆ પાંચ. પોસ્ટેજ જુદું.

૨ ફાકામાં રોઝા—અસલ ઉરદુ ભાષામાં હઝરત ખ્વાજા હસન નિઝામી સાહેબે સને ૧૮૫૭ ના બળવા વખતની વાર્તા લખી છે. જેમાં શાહી કુટુંબીઓને પડેલા દુ:ખોનું હૃદય ભેદક દાસ્તાન છે. પથરના જીગરનો માણસ પણ એને વાંચશે તો તેનું મન પાણી થયા વગર રહેશે નહીં. ચડતી પડતીનો ખરો ચીતાર જોવો હોય તો આ વાર્તા વાંચો એનો ગુજરાતી તરજુમો મી. નિઝામુદદીન કુરેશીએ કરેલો છે. કીમત ફકત એક આનો એકસો કોપીની કીમત પાંચ રૂપીઆ પોસ્ટેજ જુદું.

૩ ઇદની એક અનમોલ ભેટ–(લખનાર નિઝામુદદીન કુરેશી) આ વાર્તા જો કે મન ઘડત છે પણ વાંચનારને બીલકુલ ખરી બનેલી જણાય છે એક બાળાનું પ્રપંચીઓના ફંદામાં ફસાવું જેમાંથી ઇદની રાતે એક જુવાનના હાથે છુટકારો અને તે બાદ સુખી દીવસો વિગેરે વાંચવા લાયક છે કીમત બે આના પોસ્ટેજ જુદું.

૪ અમારા નબી—(અનુવાદક મી. નિઝામુદદીન કુરેશી) હઝરત રસુલે અકરમ સલ્લમનું મુબારક જીવન વૃતાંત ઘણી સહેલી અને સરળ ગુજરાતી ભાષામાં લખવામાં આવ્યું છે બાળકોથી લઇને તો ઘરડાઓને એક સરખી રીતે ઉપયોગી થઇ પડે એવી રીતે આ

પુસ્તકમાં હઝરત સલ૰ની મુબારક જીંદગીનુ વૃતાંત લખેલું છે. નાના બાળકોમાં વકફ કરવા માટે આ પુસ્તક બહુજ જરૂરી છે. કીમત બે આના પોસ્ટેજ જુદું.

૫ ઇસલામની ખુબીઓ—વડોદરા વાળા નવાબ મીર સદરૂદ્દીન હુસેનખાન સાહેબના નામથી કોણ અજાણ્યુ છે? આજ સુધી એમના સેકડો કોમી રીસાલાઓથી ઇસલામી પ્રજા જાણીતી થઇ ચુકી છે. તેમના ઇસલામકી ખુબીયા" નામના રીસાલાનો આ ગુજરાતી તરજુમો છે. જેમાં ઇસલામના પાંચ રૂકન અને બીજી બાબતો ઉપર વિવેચન કરવામાં આવ્યું છે જે દરેક ઇસલામીના માટે બહુજ જરૂરી છે. કીમત બે આના પોસ્ટેજ જુદું.

૬ અખતર મેહેલ—અથવા હું મારા જોગીરાજના પગ પારખું છું-(લખનાર નિઝામુદ્દીન કુરેશી) હીંદના મહાન મુગલ શહેનશાહ શાહજહાંના સમયની સાચી બનેલી એક વાર્તા છે. શાહજહાં પોતાની પ્રજાના રક્ષણ માટે રાતે રજની ચર્ચાએ નીકળે છે અને એક દુખીયારી મા દીકરીનો મેળાપ થાય છે. તેનુ અસરકારક વર્ણન ખાસ વાંચવા લાયક છે. કીમત બે આના.

૭ ઇદના દરબાર—(લખનાર-નિઝામુદ્દીન કુરેશી)ઇસલામની મહાન સલતનતોના સમયે જાહોજલાલી અને શાનો શવકતની સાથે ભરવામાં આવતા ઇદના દરબારોનું મનહરણ વર્ણન. ઇતીહાસના શોખીનો અને ખાસ કરી ઇસ્લામી આલમને માટે વાંચવા લાયક છે. કી. એક આનો.

૮ ઇસલામની અરજી-(લખનાર-નિઝામુદ્દીન કુરે આજકાલ ઇસલામીઓની અધમ દશાનો ચીતાર દર્શાવી ઇસલ તરફથી હઝરત રસુલે અકરમ સલ૦ની સેવામાં એક અરજી લખ આવી છે જે ઇસલામીઓએ ખાસ વાંચવી જોઇએ કી. એક :

આ પુસ્તકો ઉપરાંત ઇસલામને લગતા દરેક જાતના પુ રસીક વારતાઓ વિગેરે સસ્તી કીમતમાં વાંચકોની સેવામાં કરવાનો ઇરાદો છે જેમ જેમ ઉત્તેજન મળતું જશે તેમ તેમ કી ઘટાડો કરવામાં આવશે. વગી ઇસલામી ફીકાદની.

કુદુરી

નામની કીતાબનો અરબીમાંથી અમદાવાદના બુઝુર્ગ લેખક મોલવી નિઝામુદ્દીન સાહેબ ફારૂકી ચીશતીએ ગુજરાતીમાં તરજુમો કર્યો છે જે "**કુદુરી**" ના નામથી અમે થોડા દીવસમાં પ્રગટ કરનાર છીએ તે ઉપરાંત એજ બુઝુર્ગ લેખકે પ્રખ્યાત **કસીદા બુરદાનો** અરબીમાંથી ગુજરાતી કાવ્યમાં તરજુમો કર્યો છે જે છપાઇ બહાર પડી ચુક્યો છે માત્ર બે આનાની કીમતમાં અમારે ત્યાંથી મળી શકે છે.

નિઝામીયા બુક ડેપો.

પાંચપટી—અમદાવાદ.